જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૩/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૧૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૬ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૮૬૭ લીટર દેશી દારૂ, ૭૯૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ રિક્ષા અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૧૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૧૩/૧૮

**ગુજરાત યુનિવર્સિટીઃ** સુધાકરન રામસ્વામી (રહે. પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ, શ્યામલ રો હાઉસ-૫ નજીક સેટેલાઈટ) એ તા.૨૮/૨/૧૮ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ ૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ પંજાબ નેશનલ બેન્ક ખાતે આરોપી (૧) રિતેશ દિલીપભાઈ કોટક (રહે. અરિહંત બંગલોઝ ગાલા જીમખાના રોડ બોપલ) (૨) ભુપેન્દ્રભાઇ રમણલાલ પટેલ (ડિરેક્ટર) (૩) પ્રકાશ રમણલાલ પટેલ (ડિરેક્ટર) (૪) પ્રતિશ ડી. વકીલ, (ઓથોરાઈઝ સિગ્નેચરી) અને (૫) પથિક હસમુખલાલ કોટક (રહે. મેઘા આર્કેડ ગણેશ ધવાર બંગલોઝની સામે નવા રાણીપ એ-પુર) એ ભેગા મળી બે ફ્લેટ માટે લોન લઈ લોનના બાકી નિકળતા રૂપિયા ૨૪,૧૪,૬૦૭/- ભરપાઈ નહી કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૪૧૪/૧૮

**શાહીબાગઃ** રાજેશ સજ્જનકુમાર જૈન (રહે. બંગ્લોઝ નં-૪ સુભાષભવન નિયર તેરાપંથ સેવા સમાજ શાહીબાગ) એ તા.૨૮/૨/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૨/૧૮ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૪,૦૦૦/- , સોનાની બે બંગડી કિમત રૂપિયા ૩૧,૦૦૦/-, ચાંદીના ૩૦ સિક્કા તથા ચાંદીની એક થાળી, ત્રણ પેર વાળી ભગવાનની મુર્તી નંગ૮ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**ઓઢવ**: હિમાંશુભાઇ શરદચંદ્ર અંધારીયા (રહે. ચંદ્રનગર સોસાયટી નવરંગ સ્કુલ પાસે ઓઢવ) એ તા.૨૮/૨/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૨/૧૮ રાતના ૮/૩૦ થી તા.૨૬/૦૨/૧૮ કલાક ૪/૧૫ વાગ્યા દરમ્યાન ઓઢવ નવરંગસ્કુલ ચંદ્રનગર શોપીંગ સેન્ટરમાં આવેલ સતપંથ મોબાઇલ નામની પોતાની દુકાન નં.૫,૬ ના શટર ઉંચા કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી પોયા કંપનીના મોબાઇલ નંગ-૧૦ કિમત રૂપિયા ૫૦૦૦/-, જીઓકસ કંપનીના મોબાઇલ ફોન નંગ-૪ કિમત રૂપિયા ૨૫૦૦/-, ડુ કંપનીના મોબાઇલ ફોન નંગ-૩ કિમત રૂપિયા ૧૮૦૦/-, ગ્રાહકોએ રીપેરીંગ કરવા આપેલા મોબાઇલ ફોન (૧) લીનોવો કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૩૦૦૦/-, (૨) જૈન કંપનીનો મોબાઇલ અલ્ટ્રાફોન કિમત રૂપિયા ૨૦૦૦/-, (૩) વીવો કંપનીનો મોબાઇલ ફોન વાય-૫૫ કિમત રૂપિયા ૭૦૦૦/- (૪) ઇનટેકસ કંપનીનો મોબાઇલ ફોન સ્ટાર એલ કિમત રૂપિયા ૩૦૦૦/- તથા લીનોવો કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- તથા જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી લઈ ગયા:-** **સમાચાર યાદી નં.૪૧૫/૧૮**

**કૃષ્ણનગર**: સરોજબા વા/ઓફ ઘનશ્યામભાઇ વાઘેલા (ઉ.વ.૪૨) (રહે. ઉદય ટેનામેન્ટ આદિશ્વરનગર) તા.૨૮/૨/૧૮ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકની સોસાયટી ના દરવાજા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો સરોજબા વાઘેલાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સરોજબા વાઘેલાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એન.પી.મારૂ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુ:** **સમાચાર યાદી નં.૪૧૬/૧૮**

**દાણીલીમડા**: મીનાબહેન વા/ઓ કલમાભાઇ મસારા (ઉ.વ.૨૮) (રહે. મોટા ટેક્ષટાઇલ્સ બોમ્બે હૉટલ પી.ડબલ્યુ.ડી. પાસે નારોલ) તા.૨૮/૨/૧૮ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પી.ડબલ્યુ.ડી. પાસે આવેલ મોટા ટેક્ષટાઇલ્સ નામની ફેક્ટરીમાં કોઇ કારણસર તેમને વિજ કરંટ લાગતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃતજાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.બરબસીયા ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૪૧૭/૧૮**

**ઘાટલોડીયા**: પુનમ વા/ઓ રવિંદન્દ્રસિહ ઠાકુર (ઉ.વ.૩૧) (રહે.ગાયત્રી ટેનામેન્ટ સર્વોદયનગર વિભાગ-૩ ની બાજુમાં ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૮/૨/૧૮ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.પ્રસાદ ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટ**: નિખીલ કૌશીકભાઇ દેસાઇ (ઉ.વ.૧૭) (રહે.રબારીવાસ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૨/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પૂર્વ તરફના છેડે ફૂલબજાર નીચે સીડી નંબર-૩૨ પાસે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.